NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત, ભારત

## –: પરિપત્ર :–

આથી સંબધકર્તા સર્વેને જણાવવાનું કે, સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની સત્રાંત પરીક્ષા માહે ડિસેમ્બર–૨૦૧૫ / જાન્યુઆરી–૨૦૧૬માં યોજાનાર છે. આ સત્રાંત પરીક્ષાઓના પરિણામ તૈયાર કરવા માટે ઓનલાઈન એકઝામીનેશન સોફટવેર ઓફ એનએયુ કાર્યરત છે. જેમા નીચે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

(૧) **સ્ટાફ કોર્ષ મેપીંગ (Staff Course Mapping)** :– સ્નાતક, અનુસ્નાતક અને પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે જે શિક્ષકો ધ્વારા વિષયો ભણાવેલ હોય તેઓનું સ્ટાફ કોર્ષ મેપીંગ આચાર્યશ્રીની કચેરીએથી સમયસર કરવાનું રહેશે. સ્નાતક કક્ષાએ જે ફેકલ્ટીમાં કોમન પરીક્ષાઓ હોય, તેની પેનલ સોફટવેરમાં બનાવી શકાય.

(૨) **સ્ટુડન્ટ સબ્જેકટ મેપીંગ (Student Subject Mapping for Only PG)** :– અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થીને સેમેસ્ટરમાં ઓફર કરેલ વિષયોનું મેપીંગ મેજર, માઈનોર, સપોર્ટીંગ, નોન–ક્રેડિટ કંમ્પલસરી કોર્ષીસ, રીસર્ચ વિગેરે લાગુ પડતાં હોય, તે ધ્યાન રાખીને સબ્જેકટ મેપીંગમાં **તા.૨૦/૧૨/૨૦૧૫** સુધીમાં કરવાનું રહેશે. વધુમાં મેજરગાઈડે માસ્ટર/ડોકટરેટ રીસર્ચ વિષય એટલે કે વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ (કચ્ચા બાઉન્ડ) કરવાનો હોય તે સેમેસ્ટરમાં મેપ કરવાનો રહેશે.

(૩) **સ્ટુડન્ટ સપ્લી. મેપીંગ (Student Sup Mapping for Only PG)** :– અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થી અગાઉના સેમેસ્ટરમાં નાપાસ થયેલ વિષયની પરીક્ષા આપવાનો હોય, તો તેનું મેપીંગ પણ **તા.૨૦/૧૨/૨૦૧૫** સુધીમાં કરવાનું રહેશે. જેમાં વિષયોની સામે ટીક માર્ક (√) કરી સેવ કરવાનું રહેશે.

વધુમાં જો કોઈ શિક્ષક જે કોલેજમાં વિષય ભણાવતાં હોય, તે કોલેજનું લોગીન આઈડી હોવું જોઈએ. તે જ પ્રમાણે જે મેજર ગાઈડને જે કોલેજના વિદ્યાર્થી ફાળવવામાં આવેલ હોય, તે જ કોલેજનું લોગીન આઈડી હોવું જોઈએ. જો લોગીન આઈડી ન હોય, તો કોલેજનો સંપર્ક કરી લોગીન આઈડી બનાવવાનું રહેશે.

ઉપરોકત પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/સોફટવેર/ 9038-50 /૨૦૧૫,
તા. 08 / ૧૨ / ૨૦૧૫

**કુલસચિવ**

**નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂં :**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી.
(૨) આ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ.
(૩) આ યુનિવર્સિટીની તમામ પોલીટેકનીકના આચાર્યશ્રીઓ.
(૪) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૫) આ શાખાના યુજી / પીજી / પોલીટેકનીક ટેબલ તરફ જાણ તેમજ ઉપરોકત કામગીરી સમયસર થાય તેનું ધ્યાન રાખવા સારૂં.